# તાલુકા પંચાયતે ફરાર તલાટીઓની રજા નામંજૂર કરી

બાયડ, તા.૨૯

બાયડ તાલુકા પંચાયત કર્મચારી ધિરાણ ગ્રાહક સહકારી મંડળીમાં રૂા.૨ કરોડથી વધુનું ઉચાપત કૌભાંડ આચર્યા પછી તાજેતરમાં મુખ્ય સૂત્રધાર મોહન પટેલની પોલીસે અટકાયત કરી હતી પરંતુ અન્ય સહઆરોપીઓ હજુ સુધી પોલીસના સકંજામાં આવ્યા નથી તેમાં સંડોવાયેલા બાયડ તાલુકાના ૬ તલાટી કમ મંત્રી ફરાર થઈ જતાં સમગ્ર ઉચાપત પ્રકરણ અરવલ્લી જિલ્લામાં ટોક ઓફ ધ ટાઉન બન્યું છે. જ્યારે બાયડ પોલીસે વાઘ માર્યો હોય તેમ બે દિવસ અગાઉ નિવૃત્ત તલાટીની અટકાયત કર્યાનું જાહેર કર્યું છે.

બાયડ તાલુકામાં અનેક સેવા મંડળી, દૂધ મંડળીઓમાં ઉચાપત કૌભાંડો આચરાયેલા છે. કેટલાક ડિરેક્ટરો સામે પણ અતિગંભીર આક્ષેપ સાથે ભૂતકાળમાં જિલ્લા રજીસ્ટ્રાર સમક્ષ ફરિયાદો થયેલી છે પરંતુ મોટાભાગની ફરિયાદોનો વિંટો વાળી દેવામાં આવે છે. બાયડ તાલુકા પંચાયત કર્મચારી ધિરાણ મંડળીમાં કરોડોનું ઉચાપત કૌભાંડ આચરાયું હતું. વર્ષ-૨૦૧૭માં ઉચાપત કૌભાંડનો પર્દાફાશ થયા પછી મંથરગતિએ તપાસ શરૂ થઈ અને બાયડ પોલીસને પણ દલ્લો લાગ્યો હોય તેમ તપાસમાં ઢીલાશ દાખવવામાં આવી હતી. આખરે પોલીસના પગતળે રેલો આવતાં પુરવણી સાથે વર્ષ-૨૦૧૯માં ફરિયાદમાં અન્ય આરોપીઓનો ઉમેરો કર્યો હતો. મંડળીમાં તાલુકા પંચાયત હસ્તકની ગ્રામ પંચાયતોના તલાટી સહિત કેટલાક કર્મચારીઓ સભ્ય હતા જેથી ૨૧ જણ વિરુદ્ધ રૂા.૨,૦૪,૨૩,૨૮૪ ની ઉચાપતનો ગુનો દાખલ થયો હતો. આરોપીઓ પોલીસ અને તંત્રની નજર સમક્ષ હોવા છતાં અટકાયત કરી ન હતી છેવટે મુખ્ય આરોપી મોહન પટેલની અટકાયત પછી મંડળીના સભ્ય એવા ૬ તલાટી કમ મંત્રી ધરપકડ ટાળવા ફરાર થઈ ગયા છે. ફરાર થઈ ગયેલા કર્મચારીઓની રજાઓ તાલુકા પંચાયત દ્વારા નામંજૂર થયાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

**૨ કરોડનું ઉચાપત કૌભાંડ, બાયડ તાલુકાના ૬ તલાટી ફરાર, નિવૃત્ત તલાટીની અટકાયત : કરોડોના કૌભાંડની તપાસમાં પોલીસની ઢીલી નીતિ સામે સવાલ**

# ચૂંટણી જંગ : બાયડમાં જાગાના તળાવમાં બોટીંગ સુવિધા ઉભી કરવાનું વચન પોકળ

**પ્રજાને દેખાડેલા દિવા સ્વપ્નોનો અનેક મતદારો હિસાબ માંગી શકે છે**

બાયડ, તા.૨૯

બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારના



ગંદાગોબરા જાગાના તળાવને બોટીંગની સુવિધા સહિત શોપીંગ સેન્ટર ઉભું કરવાનું દિવાસ્વપ્નું બતાવનારા સત્તાધીશોની સત્તાનો સમય પૂરો થયો પરંતુ જાગાના તળાવમાં બોટીંગ તો ઠીક પરંતુ ગંદા પાણીના નિકાલ માટે પણ કાયમી કોઈ વ્યવસ્થા ઉભી કરાઈ નથી. પ્રજાને દેખાડેલા દિવાસ્વપ્નોનો અનેક મતદારો ચૂંટણી દરમ્યાન હિસાબ માગી શકે છે.

બાયડ પાલિકામાં થયેલા વિકાસના કામો બાબતે અગાઉ રાજ્ય સરકાર સુધી થયેલી ગંભીર રજૂઆતો પછી તપાસ ક્યાં અટકી એ આજદિન સુધી બહાર આવ્યું નથી. બાયડ પાલિકાના સર્વાંગી વિકાસના આપેલા વચનો સાકાર થયા છે કે કેમ..?? તેનાં લેખાંજોખાં ૫ વર્ષ પછી શરૂ થયાં છે. જૂના બસ સ્ટેશન વિસ્તારમાં બાયડની એક સમયે શાન ગણાતું જાગાનું તળાવ ગંદુગોબરૂ બની ગયું છે. તેમાંથી પ્રસરતી દુર્ગંધથી આસપાસના રહીશો ત્રાસી ઉઠ્યા છે ત્યારે બાયડ પાલિકા દ્વારા જાગાના તળાવના બ્યુટીફીકેશન સાથે તળાવમાં બોટીંગ સહિતની ઉત્તમ સવલતો ઉભી કરવાના સ્વપ્ન દેખાડવામાં આવ્યા હતા પરંતુ સમય ઝડપથી સરકી ગયો અને ૫ વર્ષ પુરા થયા છતાં જાગાનું તળાવ માત્ર ફેન્સિંગ દિવાલ પૂરતું સિમિત થઈને રહ્યું છે. બાયડમાં જાગાના તળાવમાં બોટીંગ સુવિધા આવનારા વર્ષોમાં આવશે કે કેમ..?? કે પછી ફરીથી પોકળ વચન આપી મતદારોને ભ્રમિત કરાશે.

## ટ્રાફીકનો પ્રશ્ન વધુ વિકરાળ બન્યો છે..

બાયડમાં ટ્રાફીકનો પ્રશ્ન દિવસે..દિવસે વધુ વિકરાળ બની રહ્યો છે. આડેધડ વાહનો પાર્ક થતા હોવાથી વેપારીઓના ધંધા-રોજગારને અસર થઈ રહી છે. ત્યારે પ્રજા અને મતદારો પણ પાલિકામાં દિર્ઘદ્રષ્ટી અને વિકાસની ઉંડી સોચ હોય તેવા નગરસેવકો પાલિકામાં ચૂંટાઈને આવે તેવો પોતાનો અંગત મત વ્યક્ત કરી રહ્યા છે.

## ઈડર સહકારી જીન મીલમાં કમીટી સભ્ય તરીકે નિયુક્તિ

બાયડ, તા.૨૯

ઈડર તાલુકાના યુવા સહકારી આગેવાન રૂવચ



દૂધ મંડળીના ચેરમેન, ધી ઈડર તાલુકા શાકભાજી ફળફળાદી સંઘ લી. ઈડરના ડિરેક્ટર અને ભાજપના યુવા અગ્રણી તથા ગાંધીનગર સમાચારના તાલુકા બ્યુરો ચીફ લલિતભાઈ સી. પટેલની ઈડર સહકારી જીન મીલ લી.માં વ્યવસ્થાપક કમીટી સભ્ય તરીકે નિયુક્તિ થતાં સૌએ અભિનંદન પાઠવ્યા છે.

# અંતરના આશીર્વાદ : મોડાસામાં કોરોના સંક્રમણથી બંધ શ્રમજીવી ભાખરી-શાક કેન્દ્ર એક વર્ષ પછી શરૂ

**કાળઝાળ મોંઘવારીમાં માત્ર રૂા.૨ માં સાત્વિક ભોજન મળતાં શ્રમજીવી હરખાયા**

બાયડ (બ્યુરો આફિસ) તા.૨૯

કોરોનાએ ધંધા-રોજગાર સહિત અનેક પરિવારોને પાયમાલ કર્યા છે. મોડાસા શહેરમાં કોરોના વિસ્ફોટ શરૂ થતાં અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા ચલાવાતું શ્રમજીવી ભાખરી-શાક કેન્દ્ર બંધ કરવામાં આવ્યું હતું. પરંતુ હવે સ્થિતિ કાબુમાં આવતાં ફરીથી ભાખરી-શાક કેન્દ્ર શરૂ થતાં મોડાસામાં રોજગારી માટે આવતા શ્રમજીવીઓને માત્ર ૨ રૂા.માં સાત્વિક ભોજન મળતાં શ્રમજીવી હરખાઈ રહ્યા છે અને અંતરના આશીર્વાદ આપતા જોવા મળે છે.

ભૂખ્યાને ભોજન આપવાના પ્રયાસથી જિલ્લાના વડા મથક મોડાસામાં અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા ટીફીન સેવા શરૂ થતાં અનેક ગરીબ પરિવારોથી મોંડી હોસ્પિટલમાં સારવાર માટે આવતા દૂર દૂરના દર્દીઓ અને સગાઓને લાભ થયો છે. ટીફીન સેવાને અંતરના આશીર્વાદ મળવા લાગ્યા છે ત્યારે કોરોનાના કપરા કાળમાં પણ અન્નપૂર્ણા ટ્રસ્ટે સેવાની ધૂણી ધખાવી હતી. મોડાસા શહેરમાં રહેતા કોઈ દર્દીને ઓક્સિજનની જરૂર હોય તો તે માટે પણ મફત



સેવા દાતાઓ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી હતી. ગત જાન્યુઆરી-૨૦૨૦ થી મોડાસા શહેરના વિકાસને ધ્યાને રાખી કામ માટે આવતા શ્રમજીવીઓને માત્ર ટોકન દરે ભાખરી-શાક કેન્દ્ર શરૂ કર્યું. પરંતુ ૨ મહિના પછી કોરોનાનો ક્રૂર પંજો ફરી વળતાં ફરજીયાત સેવા બંધ કરવામાં આવી. રાબેતા મુજબનું જનજીવન થતાં અને કોરોનાનું સંક્રમણ ઘટતાં તા.૨૬ જાન્યુઆરીથી ફરી મોડાસા ટાઉન હોલમાં શ્રમજીવી ભાખરી-શાક કેન્દ્ર શરૂ કરતાં શ્રમજીવીઓ લાભ મેળવી રહ્યા છે. તાજેતરમાં જ કોરોના કાળ દરમ્યાન બંધ રહેલ ભાખરી-શાક કેન્દ્ર ડૉ.અરૂણ શાહ, બિપીન શાહ, સુરેન્દ્ર શાહ, દિલીપ પટેલ, ચંપક દેસાઈ વગેરેના પ્રયાસોથી ફરીથી ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

# હોમગાર્ડની હિંમત જુઓ : મોડાસા લીઓ પોલીસ ચોકી આગળ પ્રતિબંધિત વાહનો પાસે ખુલ્લેઆમ ઉઘરાણું

**રાત્રે જાહેરનામાનો અમલ કરવાનો ન હોવા છતાં કાયદાની બીક બતાવી વાહન ચાલકોને ખંખેરાય છે**

બાયડ (બ્યુરો આફિસ) તા.૨૯

મોડાસામાં પોલીસનો ભ્રષ્ટાચાર જગજાહેર છે. હોમગાર્ડ જવાનોને પણ ખિસ્સાં ભરવાની કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુચારૂ રૂપ જળવાય અને ટ્રાફીકના નિયમોનું પાલન થાય તે માટે પોલીસ સાથે હોમગાર્ડ, ઉભા થઈને પ્રશ્નોનો મારો ચલાવ્યા પછી પરપ્રાંતિય વાહન ચાલકો પાસેથી રોકડી કરી લેતા હોય છે. જાહેરનામું સવારે ૬-૦૦ વાગ્યા



આદત પડી છે. લીઓ પોલીસ ચોકી આગળ વહેલી પરોઢે પસાર થતા મોટા ભારવાહક વાહનોને થોભાવી અન્ય જગ્યાએ ફરજ બજાવીને આવતા કેટલાક હોમગાર્ડ જવાનો ખિસ્સાં ભરતાં હોવાની ફરિયાદ છે. નગરમાં જટીલ ટ્રાફીક વ્યવસ્થાને ધ્યાનમાં રાખી મુખ્ય શહેરી માર્ગ ઉપરથી સવારે ૬-૦૦ થી ભારવાહક વાહનોના પ્રવેશા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે પરંતુ પરોઢે ૪-૦૦ વાગ્યાથી ૫-૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન વાહનો થોભાવાનો આશય શું હશે..?? તે ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસ ચોકી આગળ જ છેલ્લા ઘણા સમયથી હોમગાર્ડના જવાનો ઉભા થઈ જાય છે અને જે કોઈ વાહન પસાર થાય તેને થોભાવી ખિસ્સાં ભરતા હોવાની ફરિયાદોનું જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સરપ્રાઈઝ ચેકીંગ કરે તો પરોઢના ઉઘરાણાનો પર્દાફાશ થાય તેમ છે.

ટી.આર.બી.ના જવાનોની મદદ લેવામાં આવતી હોય છે પરંતુ પોલીસની ઉઘરાણાની લત હવે હોમગાર્ડ તેમજ ટી.આર.બી. જવાનોને પણ લાગી છે. મોડાસાનગરમાં રાત્રે ઘરફોડ ચોરીઓ તેમજ વાહનોમાં થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મૂકવાના આશય સાથે હોમગાર્ડ જવાનોને નિયત કરેલા પોઈન્ટ ઉપર રાત્રિ ફરજ સોંપવામાં આવે છે પરંતુ તેમાંના કેટલાક હોમગાર્ડ જવાનો ફરજ પૂરી કરે ન કરે ત્યાં વહેલી પરોઢે મોડાસાની લીઓ પોલીસ ચોકી આગળ આવીને રોડ ઉપર ઉભા થઈ જતા હોય છે તેમાં જો કોઈ વાહન નગરમાંથી પ્રવેશતું જણાય કે તરત જ થોભાવીને ૩ થી ૪ હોમગાર્ડ જવાનો ડ્રાયવર કેબિનની આગળ

પછી ભારવાહક વાહનોએ નગરમાં ન પ્રવેશવાનું બહાર પાડવામાં આવ્યું છે પરંતુ કેટલાક હોમગાર્ડ જવાનો તો પરોઢે ૪-૦૦ વાગ્યા થી ૫-૦૦ વાગ્યાના સમય સુધી જે કોઈ ભારવાહક વાહન પ્રવેશે કે તરત દમદાટી આપી જ્યાં સુધી પોતાનાં ખિસ્સાં ન ભરાય ત્યાં સુધી વાહનોને થોભાવી રાખતા હોવાથી પરોઢના સમયે લીઓ પોલીસ ચોકી આગળ ઉભા થઈ જતા વાહનોના કારણે ટ્રાફીકજામ જેવા દ્રશ્યો થોડાક સમય માટે જોવા મળતા હોય છે. છેલ્લા ઘણા સમયથી આ ઉઘરાણાની બુમ ઉઠી છે ત્યારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા અન્ય સ્થળે રાત્રે ફરજ બજાવી પરોઢે લીઓ પોલીસ ચોકી આગળ ઉભા થઈ કયા જવાનો કોના ઈશારે વાહનો થોભાવી ખિસ્સાં ભરી રહ્યા છે તેની તપાસ થાય તો પોલીસની સાથે હોમગાર્ડ જવાનોની વાહનો થોભાવવાની ખોંરી દાનત ઉજાગર થાય.

**ઉઘરાણા અંગે તપાસ થશે : ટાઉન પી.આઈ.**

મોડાસાની લીઓ પોલીસ ચોકી આગળ વહેલી પરોઢે ભારવાહક વાહનો થોભાવી ચોક્કસ હોમગાર્ડ જવાનો ઉઘરાણું કરતા હોવાની ફરિયાદ છે મોડાસા ટાઉન પી.આઈ., સી.પી.વાઘેલાએ જણાવ્યું કે આવું કોઈ વાહન ચાલકો પાસેથી ઉઘરાણું થતું હશે તો સરપ્રાઈઝ તપાસ કરવામાં આવશે.

**તસ્કરો સી.સી.ટી.વી કેમેરામાં કેદ**

# હિંમતનગરમાં બિયારણની પેઢીમાં તસ્કરોનો હાથ ફેરો

**૨૫ હજારની મત્તાની ચોરી, ઠંડી વધતાં તસ્કરોનું જોર વધ્યું**

હિંમતનગર, બાયડ (બ્યુરો આફિસ) તા.૨૯

હિંમતનગરમાં બિયારણની પેઢી દેવકીશનજી વક્તાજીના ત્રીજા માળના દરવાજાનું પતરૂ ઉંચુ કરી તસ્કરો રોકડ રકમ, ટીવી સહિત રૂા.૨૫ હજારની મત્તા ચોરી પલાયન થઈ જતાં શહેરમાં તસ્કરોના આગમનથી વેપારીઓ અને પ્રજાની ઉંઘ હરામ થઈ ગઈ છે. તસ્કરો સી.સી.ટીવી કેમેરામાં કેદ થયા હોવાથી તસ્કરોને પકડવા આસાન છે. હિંમતનગર બી-ડીવીઝન પોલીસે તસ્કરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર હિંમતનગરના સ્ટેશન રોડ વિસ્તારમાં દેવકીશનજી વક્તાજીની પેઢી આવેલી છે તેના ત્રીજા માળે તસ્કરોએ પ્રવેશી રોકડ રકમ સહિત




મત્તા ઉસેડી ગયા હતા. પેઢીના માલિકે આવીને જોયું તો તસ્કરી થયાનું જણાતાં બી-ડીવીઝન પોલીસને જાણ કરી હતી. પોલીસે બનાવ સ્થળની મુલાકાત લઈ સી.સી.ટીવી કેમેરામાં કેદ તસ્કરોના ફૂટેજ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

**ટ્રાફીકની વિકટ સમસ્યા**

## હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં ભારે વાહનો ઉપર પ્રતિબંધ

**જાહેરનામાનો અમલ થશે ખરો..??**

હિંમતનગર (બ્યુરો આફિસ) તા.૨૮

હિંમતનગર શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં ટ્રાફીક સમસ્યા વિકટ બનતાં અને અકસ્માત વધતાં ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધનો જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આદેશ કરાયો છે. અગાઉ પણ આવા જાહેરનામા પ્રસિદ્ધ થયા હતા પરંતુ પોલીસ અમલવારીમાં નિષ્ફળ ગઈ છે ત્યારે અમલ થશે ખરો..??

પ્રાપ્ત વિગતો અનુસાર હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેણાંક મકાન, ધાર્મિક સ્થળ, શૈક્ષણિક સંકુલો હોવાથી આ વિસ્તારના રસ્તાઓ ઉપર મોટી સંખ્યામાં લોકો અને નાના વાહનોની અવર જવર થતી હોય છે. મોટાભાગનો જનસમુદાય મહાવીરનગર થી બહુમાળી ભવન આવવા માટે માર્ગનો ઉપયોગ કરે છે જેથી માર્ગ પર ભારે ટ્રાફીકના કારણે અકસ્માતના બનાવો વધતા હતા જેથી તેનું નિરાકરણ લાવવા ભારે વાહન જેમાં ટ્રક, ટ્રેક્ટર, ટેમ્પા સહિતના વાહનોની અવર જવર ઉપર તા.૧૧ માર્ચ-૨૦૨૧ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## હિંમતનગર નાગરિક બેન્કના ચેરમેન તરીકે હિરેન ગોર

બાયડ તા.૨૯

હિંમતનગર નાગરિક સહકારી બેન્કના ચેરમેન તરીકે ભાજપના યુવા અગ્રણી હિરેન ગોરની વરણી થતાં સર્વ ડિરેક્ટરો, સભાસદો અને થાપણદારોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.



# અરવલ્લીમાં વસંતોત્સવ વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન

બાયડ, તા.૨૯

અરવલ્લી જિલ્લામાં વસંતોત્સવ વિષય પર તા.૧૫ થી ૨૦ ફેબ્રુઆરી દરમ્યાન જિલ્લા અને રાજ્ય કક્ષાની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે.

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ-ગાંધીનગર હસ્તકની રાજ્ય લલિત કલા અકાદમી આયોજીત જિલ્લા રમત-ગમત કચેરી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી અરવલ્લી દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોનાના કારણે સોશ્યલ ડિસ્ટન્સને ધ્યાને લઈ સ્પર્ધાનું આયોજન તમામ સ્પર્ધકો માટે એ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર ઉપર પોતાની કૃતિ ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા પછી જિલ્લા રમત-ગમત કચેરીએ તા.૨૮ જાન્યુઆરીથી ૧૪ ફેબ્રુઆરી સુધી બપોરે ૧૨-૦૦ કલાકે મોકલી આપવાની રહેશે. સ્પર્ધકે કૃતિ પાછળ પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને શાળાનું નામ જણાવવું પડશે.

**૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે**

ઉંમરના પુરાવા તરીકે આધારકાર્ડ, જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ મોકલવા જણાવ્યું છે. સ્પર્ધામાં અરવલ્લી જિલ્લામાં પસંદગી થયા પછી રાજ્ય કક્ષાની સ્પર્ધા તા.૨૦ ફેબ્રુઆરીના રોજ રાજ્ય લલિત કલા અકાદમી કલા ભવન, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે યોજાશે તેમ જિલ્લા રમત-ગમત અધિકારી હર્ષાબેન ઠાકોરે જણાવ્યું છે.

## ખેડબ્રહ્મા તાલુકામાં રવિવારે પોલિયો રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવશે

ખેડબ્રહ્મા તાલુકામાં ૩૧ જાન્યુઆરીના રોજ પોલિયો રસીકારણ યોજાશે જેમાં ખેડબ્રહ્મા તાલુકામાં નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત પલ્સ પોલિયો અંતર્ગત લ ૦ થી ૫ વર્ષ સુધીના ૨૪૫૦૪ બાળકોને આવરી લેવાશે તેમજ ૧૦૭ બૂથ પર ૨૨ સુપરવાઈઝર અને ૪૨૮ કરકરો ધ્વારા રસીકરણ કાર્યક્રમ યોજાશે ત્યારબાદ કોઈ બાળક રહી જતું હોય તો ઘરે ઘરે ફરીને પણ ત્રણ દિવસ સુધી સતત કાર્યક્રમ ચાલુ રખાશે.

# જેનપુરના જવાનનું લાંબી માંદગી બાદ મોત : પરિવાર-ગામજનોમાં શોકનું મોજું

પ્રાંતિજ,તા. ૨૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના જેનપુરના જવાનનું લાંબી માંદગી બાદ મોત નિપજ્યું હતું તો મોત ના સમાચાર ને લઈને પરિવાર સહિત ગામજનો માં શોક નું મોજુ ફરી વળ્યું હતું તો પ્રાંતિજ પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓર્નર અપાયું.

પ્રાંતિજ તાલુકા ના જેનપુરનો જવાન દેસાઇ વિક્રમભાઈ શકરભાઈ ઉ.વર્ષ-૩૧ કે જેવો છેલ્લા નવ વર્ષ થી દેશ ની સેવા માટે સી આર પી એફ બટાલીયન-૯ ગાંધીનગર માં ફરજ બજાવતો હતો અને તે જમ્મુ



કાશ્મીર શ્રી નગર માં છેલ્લા આઠ વર્ષથી ફરજ બજાવતો હતો પણ છેલ્લા છ મહિના થી લાંબી માંદગી ને લઈને અમદાવાદ ખાતે સારવાર લઈ રહ્યા હતાં અને સવારે સારવાર દરમ્યાન મોત થતા પરિવાર સહિત ગામમાં તથા સીઆરપીએફ બટાલીયન-૯ માં શોક નું મોજુ ફરી વળ્યું હતું તો મૃતક જવાન ને એક બે વર્ષ નો પુત્ર પણ છે તો જવાન ના મોત ના સમાચાર જેનપુર સહિત આજુબાજુ ગામોમાં પ્રસરી જતા સગાસંબંધીઓ સહિત લોકો આપમેળે ઉમટી પડયા હતા તો મૃતક જવાન નો મૃતદેહ જેનપુર ખાતે લાવવામાં આવ્યો હતો અને અગ્નીસંસ્કાર પહેલા પ્રાંતિજ પોલીસ દ્વારા મૃતક જવાન ને ગાર્ડ ઓફ ઓર્નર અપાયું હતું.